## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




બહેન આ કેરી લઇ જાવ આમા જરાય પોષણ નથી.. તમે ગમે તેટલી ખાવ વજન જરા પણ નહી વધે...!!!

# ચિલોડા-દહેગામ માર્ગ પર સોલંકીપુરા પાટીયા પાસે જીવલેણ અકસ્માતમાં ઈનોવા કાર ચાલક ઝડપાયો

ગાંધીનગર, તા.૩૧

ચિલોડા-દહેગામ માર્ગ પર સોલંકીપુરા પાટીયા પાસે રાત્રીના સમયે અજાણ્યા વાહનની ટક્કરથી બાઈક ચાલકનું મૃત્યું નિપજયું હતું. ચિલોડા પોલીસ મથકે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધાયો હતો.જયારે ચિલોડા પોલીસે ગણતરીના દિવસોમાં ફેટલ અકસ્માતના ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. બનાવ સ્થળ અને આસપાસના અંદાજીત ૧૦૦ જેટલા સીસીટીવી કેમેરા ચેક કરી પોલીસે ટક્કર મારી નાસી જનાર ઈનોવા કાર અને તેના ચાલકને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ અને ડીવાયએસપી એમ.કે.રાણા દ્વારા માર્ગ અકસ્માત-ફેટલના વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા માટે સુચના આપી હતી. જે અન્વયે ગત તા.૨૦ મે ના રોજ સોલંકી પુરા ગામના કરણસિંહ ગાંડાજી સોલંકી બાઈક નં.જી.જે.૧૮.સી.આર.-૦૬૬૨ લઈને ગાંધીનગર ખાતે નોકરીથી પરત આવી રહ્યા હતા. તે સમયે સોલંકીપુરા પાટીયા પાસે અજાણ્યા વાહન ચાલકે કરણસિંહના બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જાયો હતો. જેમા ગંભીર ઈજાને પગલે કરણસિંહનું મૃત્યુ થયુ હતું. ચિલોડા પોલીસ મથકે અકસ્માત અંગે ગુનો નોંધાયો હતો. ત્યારે ગુનામાં સંડોવાયેલ વાહન તેમજ ચાલકને પકડી પાડવા માટે ચિલોડા પોલીસે કવાયત હાથ ધરી હતી. ચિલોડા પીઆઈ એમ.જી.જાડેજાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એમ.એચ.ચૌધરી, હે.કો.અમૃતભાઈ ભીખાભાઈ તેમજ સર્વેલન્સ સ્કવોડના કોન્સ્ટેબલ અલ્તાફ અબ્દુલભાઈ કામે લાગ્યા હતા. ટેકનીલક સોર્સ અને હ્યુમન ઈન્ટેલીજન્સને પગલે તપાસ હાથ ધરી બનાવ સ્થળથી ગાંધીનગરના આશરે ૧૦૦થી વધુ સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. તે ઉપરાંત પોલીસ કંટ્રોલ રૂમના નેત્રમ કેમેરા ચેક કરતા સેકટર-૩૦ સર્કલ થઈ અક્ષરધામ ચાર રસ્તા અને સર્કિટ હાઉસ સર્કલના કેમેરામાં ઈનોવા ગાડી નં. જી.જે.૧૮.બી.કયું-૨૫૨૭ ડેમેજ થયેલી શંકાસ્પદ જણાઈ હતી. જેથી પોલીસે ગાડીના માલિક માણસા તાલુકાના રંગપુર ગામના જયપાલસિંહ રતનસિંહ ચાવડાની પુછપરછ કરતા જયપાલસિંહે અકસ્માત કર્યો હોવાની કબુલાત કરી હતી. જેથી પોલીસે અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ભાટ ગણેશ ફાર્મમાંથી સોનાના દાગીના-રોકડ મળી રૂ.૧૬.૫૫ લાખની ચોરી

**ઘરની સફાઈ માટે રાખેલા બે શખ્સો તિજોરી સાફ કરી ગયા**

ગાંધીનગર, તા.૩૧

મોટેરા ખાતે રહેતા બે શખ્સો ભાટ કોટેશ્વર પાસે ગણેશ ફાર્મમાં ઘર સફાઈનુ કામ કરતા હતા. ત્યારે આ બે શખ્સો એ ગઈકાલે બપોરના સુમારે તિજોરીમાંથી વિવિધ ડીઝાઈનના રૂ.૧૪.૨૫ લાખના સોનાના દાગીના અને રોકડા રૂ.૨.૩૦ લાખ મળી કુલ રૂ.૧૬.૫૫ લાખની ચોરી થવા પામી છે. ત્યારે બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભાટ કોટેશ્વર ગણેશ ફાર્મ ખાતે રહેતા જૈમિનિબેન બિન્દેશભાઈ પટેલ (ઉં.૩૨) પરિવાર સાથે રહે છે. જયારે તેમના પતિ ખેતી કામ કરે છે. જયારે તેણીને એક દિકરો અને એક દિકરી છે. ગત તા.૨૬ ના રોજ જૈમિનિબેન ઘરે હાજર હતા તે સમેય બપોરના આશરે બાર વાગે તેમના નણંદ જીજ્ઞાબેનનો ફોન આવ્યો હતો અને કહ્યું કે તમારા ઘરનુ કામકાજ કરવા માટે માણસોની જરુર છે. જો હોય તો મારા ઘરે બે માણસો કામની શોધમાં આવ્યા છે તેઓને હુ તમારા ઘરે મોકલી આપુ છુ. ત્યારબાદ થોડીવારમાં બે વ્યકિત જૈમિની બેનના ઘરે આવીને જણાવ્યું કે જીજ્ઞાબેને કામકાજ માટે મોકલ્યા છે. તે સમયે જૈમિનિબેન અને તેમના પતિ ઘરે હાજર હતા. બે વ્યકિતનુ નામ પુછતા એક વ્યકિતએ રાહલુ અને બીજાએ સંજય મોટેરા ખાતે રહેતા હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તા.૨૮ મે ના રોજથી તેઓ બપોરના સમયે કામ કરવા માટે રોજ આવતા હતા. જયારે આજે જૈમિનિબેન અને પરિવારના સભ્યો ઘરે હાજર હતા તે સમયે બપોરના ૧૨ કલાકે રાહુલ તેમજ સંજય સાફ સફાઈ માટે આવ્યા હતા. ત્યારપછી બંને સફાઈ કામ કરતા હતા, તે સમયે બિંદેશભાઈ ખેતરે ગયા હતા. ત્યારે જૈમિનિબેન ઉપરના માળે રસોડામાં કામ કરતા હતા.જયારે એકવાગ્યાના અરસામાં તેઓ ઘરમાં નીચે આવીને જોયુ તો સંજય અને રાહુલ જણાયા ન હતા.જયારે જૈમિનિબેનના પતિ ખેતરથી ઘરે આવ્યા હોવાથી તેઓને કહ્યુ કે કામવાળા ભાઈઓ કહ્યા વિના જતા રહ્યા છે.જેથી દંપતિએ ઘરમાં તપાસ કરતા નીચે રૂમમાં રહેલી તિજોરીમાંથી સોનાના દાગીના આશરે ૨૮૫ ગ્રામના કિ.રૂ.૧૪.૨૫ લાખ તેમજ રોકડા રૂ.૨.૩૦ લાખ મળી રૂ.૧૬.૫૫ લાખની ચોરી કરી બે શખ્સો પલાયન થઈ જતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ઘરમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપીયાની ચોરી થતા ઘરમાં લગવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા સફાઈનું કામ કરવા આવેલા રાહુલ અને સંજય નામના બે શખ્સો તિજોરી ખોલી સોનાના દાગીના અને રોકડા રૂપીયા ખીસ્સામાં મુકીને લઈ જતા નજરે પડે છે. જયારે આપેલા નંબર પર ફોન કરતા બંનેના મોબાઈલ ફોન પણ બંધ આવે છે.

# મગોડીમાં વાંદરાનો આતંક:વૃદ્ધા સહિત ત્રણ લોકોને બચકાં ભર્યાં

**અગાશી પર સૂતાં કિશોર પર હુમલો કર્યો : વન વિભાગે પાંજરું મૂકી સંતોષ માન્યો**

ગાંધીનગર, તા.૩૧

મગોડી ગામમાં છેલ્લા એક અઠવાડિયાથી વાંદરાઓએ ત્રાસ વર્તાવ્યો છે. ગામના ત્રણ વ્યક્તિ પર વાંદરાએ હુમલો કરી ગંભીર રીતે ઘાયલ કર્યા છે. ઘાયલ વ્યક્તિઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તો વાંદરાના આતંકની જાણ વન વિભાગને પણ કરવામાં આવી હતી. પરંતુ વન વિભાગે માત્ર પાંજરું મૂકી દેખાવ પૂરતી કામગીરી કરી હતી.

ગાંધીનગર તાલુકાના મગોડી ગામમાં વાંદરાએ આતંક મચાવ્યો છે. અત્યાર સુધી ગામમાં ત્રણ લોકોને બચકાં ભરી ગંભીર રીતે ઘાયલ કર્યા છે. આ ઉપરાંત એક વ્યક્તિ પર પણ હુમલો કર્યો હતો. પરંતુ સદનસીબે કોઈ ઈજા પહોંચી ન હતી. ગામમાં છેલ્લા એક અઠવાડિયાથી વાંદરાએ ત્રાસ વર્તાવતા ગામના લોકો પણ ઘરમાંથી બહાર આવતા ડરી રહ્યા છે. ગામમાં વણકર વાસમાં રહેતા આશરે ૭૦ વર્ષીય બબીબેન પર વાંદરાએ હુમલો કરતા વૃદ્ધાને હાથ પર ગંભીર ઈજા થઈ હતી. ત્યારે તેમણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. તો રાજપૂત વાસમાં ૧૮ વર્ષીય હંસરાજ શંકરસિંહ વાઘેલા અગાશી પર સૂતાં હતા ત્યારે વાંદરાએ અગાશી પર આવી અચાનક હુમલો કર્યો હતો. જેમાં તેમના પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તો વાંદરાએ રાજપૂત વાસમાં રહેતા બાળક પર હુમલો કરવા જતા ૨૭ વર્ષીય હિરલબેન બિહોલા વચ્ચે પડયા હતા. અને વાંદરાએ તેમની ઉપર હુમલો કરી દીધો હતો. જેમાં મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને હાથમાં ટાંકા લેવા પડ્યા હતા. આ ઉપરાંત એક આધેડ ઉપર પણ હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. અઠવાડિયાથી ત્રાસ મચાવતાં આ વાંદરા મામલે વન વિભાગમાં પણ રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ વન વિભાગે ગામમાં માત્ર પાંજરું મૂકી સંતોષ માન્યો હતો. પાંજરાને તાળું ન હતું કે પાંજરામાં પુરાઈ ગયા બાદ જે રીતે પાંજરાનો દરવાજો બંધ કરવામાં આવે છે તે માટે દોરીની વ્યવસ્થા પણ વન વિભાગે કરી આપી નહોતી. અને વન વિભાગે માત્ર પાંજરું મૂકી દેખાવ પૂરતી કામગીરી કરી હતી ત્યારે વન વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉભા થાય છે. આ બાબતે રેન્જ ફોરેસ્ટ ઓફિસરે પણ ફોન ઉપાડ્યો ન હતો. ત્યારે વન વિભાગ પણ પોતાની ફરજ બજાવવામાં ઠાગાઠૈયા કરી રહ્યું છે.

## નડાબેટ, ઈન્ડો-પાક બોર્ડર ઉપર પ્રવાસન વિભાગ, બી.એસ.એફ. અને નિયામક ગ્રંથાલય કચેરીના સંયુક્ત ઉપક્રમે પુસ્તક પ્રદર્શનનું આયોજન



ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ (યુએસ), બી.એસ.એફ. અને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગ્રંથાલય ખાતાના સંયુક્ત ઉપક્રમે તા. ૨૮-૫-૨૦૨૨થી તા. ૨૯-૫-૨૦૨૨ સુધી નડાબેટ, બનાસકાંઠા, ભારત-પાકિસ્તાન બોર્ડર ઉપર આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે આઝાદી વિષયક પુસ્તકો અને અન્ય શિષ્ટ સાહિત્યના પુસ્તકોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

આ પ્રદર્શનનો નડાબેટ (ભારત-પાકિસ્તાન બોર્ડર) ઉપર આવતા મુલાકાતીઓ દ્વારા બહોળા પ્રમાણમાં લાભ લીધો હતો. નડાબેટ ખાતે યુએસ સંસ્થાના મેનેજર-ઓપરેશન્સ દીપકભાઈ ચક્રબોર્તી અને આસિસ્ટન્ટ મેનેજર સર્વીના પઠાણ દ્વારા ખુબજ જહેમત ઉઠાવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કર્યુ હતુ. આ પુસ્તક પ્રદર્શનમાં ગ્રંથાલય ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણેખાંચરેથી

● ગ્રાન્ટ ઈન એઈડ કોલેજના અધ્યાપકોની ભરતી માટેના ઈન્ટરવ્યુ આજથી ગાંધીનગરની સરકારી કોલેજોમાં શરૂ થયા છે.

● એક મહિલા આજે વાંચનાલયમાં વાંચવા ગઈ અને પંખો ચાલુ કર્યો તેવો તેમના પર પડતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ જવી પડી હતી.

● મહાત્મા મંદિર ખાતે આજે યોજાયેલ ગરીબ કલ્યાણ સન્માન મેળામાં મુખ્યમંત્રીના અગ્ર સચિવ કે. કૈલાસનાથન તેમજ પૂર્વ નાયબ મુખ્યમંત્રી સ્ટેજ પર હાજર હતા પરંતુ તેમના સ્વાગતમાં વિલંબ થયો હતો.

● ગરીબ કલ્યાણ સન્માન મેળામાંથી મહિલાઓ અને પુરૂષોને પાણી પીવા માટે જવા ન દેવાતા અધિકારીઓને દોડી નીચે આવવુ પડ્યુ હતુ.

● અરૂણાચલપ્રદેશની પંચાયતી રાજની ૨૭ સભ્યોની ટીમે આજે વિધાનસભા, ઈ.ગ્રામ સર્વિસ સેન્ટર તેમજ અડાલજની ઈ.ગ્રામ સેવાઓ નિહાળી હતી.

● આજથી દેશના શિક્ષણમંત્રીઓની બે દિવસીય બેઠક શરૂ થઈ રહી હોવાથી તેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

● તલાટી અને ક્લાર્કની કુલ ૩૮૦૦ જગ્યાઓ માટે જુલાઈમાં પરીક્ષા યોજાશે તેવા સંકેત પંચાયત મંત્રી બ્રિજેશ મેરજાએ આપ્યા છે.

● ગાંધીનગર કલેક્ટર ઓફિસમાં ડિઝાસ્ટર મામલતદાર તરીકે ફરજો બજાવતા ગોવિંદભાઈ દેસાઈ આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.

● આજથી મેલેરિયા વિરોધી માસની ઉજવણીનો આરંભ થશે.

